ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
(A Government of Gujarat Undertaking)
"જલસેવા ભવન" છ- રોડ, એરફોર્સ સ્ટેશન સામે, સેકટર- ૧૦- એ, ગાંધીનગર.
પીએબીએકસ- ૯૯૭૮૪૪૧૧૦૧ થી ૦૫, ફેક્ષ:- ૨૩૨૨૫૯૭૨- ૭૯
વેબ સાઇટ:- www.gwssb.org, ઇ-મેઇલ:- setechcell@gmail.com.

ડી.એમ.પરમાર
અધિક્ષક ઇજનેર (ટેકનીકલ)

જા.નં./ટેકસેલ/બાંધકામ/કલોઝ ફોર ટેંડર/૨૫૬૪ તા.૩૦/ ૧૧ /૨૦૧૮

પ્રતિ,
મુખ્ય ઇજનેરશ્રી,
ઝોન- ૧, ૨, ૩, ૪, ૫,
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
વડોદરા, અમદાવાદ, રાજકોટ, કચ્છ-ભૂજ, જુનાગઢ.

વિષય:- મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓ(રોજગારીનું નિયમન અને નોકરીની શરતો) અધિનિયમ,૧૯૯૬ હેઠળ બાંધકામ કરતી સંસ્થાની નોંધણી કરાવવા બાબત.

સંદર્ભ:- નાયબ નિયામકશ્રી, ઔધોગિક સલામતી અને સ્વાસ્થય, બાંધકામ શાખા, અમદાવાદના પત્ર ક્રમાંક:ડીઆઈએસએચ/બાંધકામ/૧૩૦૫,તા.૧૪/૧૧/૨૦૧૮

ઉપરોકત વિષયે નાયબ નિયામકશ્રી, ઔધોગિક સલામતી અને સ્વાસ્થય, બાંધકામ શાખા, અમદાવાદનો સંદર્ભ હેઠળનો પત્ર આ સાથે સામેલ છે. જે મુજબ આપશ્રીના કાર્યક્ષેત્ર હેઠળની તમામ કચેરીઓને સુચના અપાઈ જવા વિનંતી છે.

(ડી.એમ.પરમાર)
અધિક્ષક ઇજનેર (ટેકનીકલ)

બિડાણ :- ઉપર મુજબ

<u>નકલ સાદર રવાના પ્રતિ,</u>

- અંગત મદદનીશશ્રી, માન. અધ્યક્ષશ્રીનું કાર્યાલય, બોર્ડ કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂ.
- અંગત મદદનીશશ્રી, માન. સભ્ય સચિવશ્રીનું કાર્યાલય, બોર્ડ કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂ.
- માસ્ટર ફાઇલ

રજી.એડી.

ક્રમાંકઃ ડીઆઇએસએચ/બાંધકામ/ /૨૦૧૮
ડાયરેક્ટર ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થની કચેરી,
૩જો, ૫મો માળ, શ્રમભવન, ગન હાઉસની બાજુમાં,
ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧
તારીખ- ૧૪/૧૧/૨૦૧૮

પ્રતિ
અગ્રસચિવશ્રી,
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
જલસેવા ભવન,
સેકટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

**વિષયઃ- મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓ (રોજગારીનું નિયમન અને નોકરીની શરતો) અધિનિયમ,૧૯૯૬ હેઠળ બાંધકામ કરતી સંસ્થાની નોંધણી કરાવવા બાબત.**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે,કેન્દ્ર સરકાર દ્વારા બાંધકામ શ્રમયોગીઓને લગતાં બે કાયદાઓ "મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓ (રોજગારીનું નિયમન અને નોકરીની શરતો) અધિનિયમ,૧૯૯૬" અને "મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓનું કલ્યાણ સેસ અધિનિયમ,૧૯૯૬" ઘડવામાં આવેલ છે.જે અનુક્રમે તારીખ ૦૧/૦૩/૧૯૯૬ અને તારીખ ૦૩/૧૧/૧૯૯૫ થી સમગ્ર ભારતમાં અમલમાં છે.પ્રથમ કાયદાની જોગવાઇઓના અમલીકરણ માટે ગુજરાત સરકાર દ્વારા "ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓ (રોજગારીનું નિયમન અને નોકરીની શરતો) નિયમો,૨૦૦૩"તારીખ ૧૮/૦૮/૨૦૦૩ના જાહેરનામાથી બહાર પાડવામાં આવેલ છે.બીજા કાયદાની જોગવાઇઓના અમલીકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા"મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓનું કલ્યાણ સેસ નિયમો,૧૯૯૮" ઘડવામાં આવેલ છે.

"મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓ (રોજગારીનું નિયમન અને નોકરીની શરતો) અધિનિયમ,૧૯૯૬" ની કલમ-૪૬ તેમજ તે હેઠળના નિયમ-૫૫(૧) મુજબ બાંધકામ પ્રવૃતિ શરૂ કરવાના ૩૦ દિવસ પહેલાં આવી પ્રવૃતિ ચાલુ કરવાની ચોક્કસ તારીખ તથા પ્રવૃતિ પુરી કરવાની સંભવિત તારીખ તથા અન્ય વિગતોની નોટીસ નિયત નમુના-૪માં તેમના વિસ્તારના બાંધકામ નિરીક્ષકની કચેરીએ મોકલી આપવાની હોય છે અને કલમ-૭ તેમજ તે હેઠળના નિયમ-૨૩ મુજબ દરેક માલિકે કામકાજ શરૂ કર્યાનાં ૬૦ દિવસમાં બાંધકામ સાઇટની નોંધણી www.ifp.gujarat.gov.in વેબસાઈટ પર જરૂરી નિયત દસ્તાવેજો સાથે ઓનલાઈન કરવાની રહે છે.

વધુમાં બાંધકામ વ્યવસાયમાં રોકાયેલ અને ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં નોંધાયેલ શ્રમયોગીને ચાલુ કામે, અત્રેની કચેરીએ નોંધાયેલ બાંધકામ સાઈટના સ્થળે અકસ્માતે મૃત્યુ થતા મૃતક શ્રમિકનાં વારસદારને રૂ.૩,૦૦,૦૦૦/-ની નાંણાકીય સહાય પૂરી પાડવામા

Inward No. 18922
Registry Branch
G. W. S. S. BOARD
17 NOV 2018
Marking

Technical Cell
In. No. 3036
Date : 20/11/18

આવે છે તેમજ શ્રમયોગી ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં નોંધાયેલ ન હોય પરંતુ બાંધકામ સાઈટની નોંધણી અત્રેની કચેરીએ કરાવેલ હોય તેવા કિસ્સામાં મૃતક શ્રમિકનાં વારસદારને રૂ.૧,૫૦,૦૦૦/- ની નાંણાકીય સહાય પૂરી પાડવામા આવે છે. પરંતુ અનુભવે ધ્યાનમાં આવેલ છે કે, અકસ્માત સમયે બાંધકામ સાઈટનું રજીસ્ટ્રેશન અત્રેની કચેરીએ થયેલ હોતું નથી. જેથી આપના દ્વારા આપવામાં આવતાં ટેન્ડર/વર્ક ઓર્ડર/રજાચિઠ્ઠી માં સદર કાયદા હેઠળ બાંધકામ સાઈટનું રજીસ્ટ્રેશન કરાવવાનો ક્લોઝ ઉમેરવામાં આવે તેમજ સંસ્થા દ્વારા સદર કાયદા હેઠળ બાંધકામ સાઈટની નોંધણી કરાવવામાં આવે તો આવા અકસ્માત સમયે મૃતક શ્રમિકનાં વારસદારને નાણાંકીય સહાય આપી શકાય. આ ઉપરાંત પણ ઉકત બાંધકામ બોર્ડ દ્વારા બાંધકામ શ્રમિકો માટે વિવિધ ૨૦થી વધુ પ્રકારની કલ્યાણલક્ષી યોજનાઓની અમલવારી કરવામાં આવે છે.આથી તે અન્વયે પણ શ્રમિકોને લાભો મળી શકે તે સારૂં શ્રમિકોની સદર બોર્ડમાં લાભાર્થી તરીકે નોંધણી થવી જરૂરી છે.

વધુમાં, ઉકત અધિનિયમ હેઠળનાં ઇન્સ્પેકટર ઓફ ઇન્સ્પેકશન ઓફ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન,વર્ગ-૨ ની સદર કાયદામાં વિવિધ બાંધકામ સાઇટોમાં કામ કરતાં બાંધકામ શ્રમયોગીઓની સુરક્ષા, સ્વાસ્થય અને કલ્યાણલક્ષી જોગવાઇઓ અન્વયે તપાસ કરવાની જવાબદારી હોઇ, હાલ માં આપના દ્વારા ચાલુ કામો ની વિગત તેમજ બાંધકામ ના કામ અર્થે રોકાયેલ કોન્ટ્રાકટર ની સંપુર્ણ માહિતી ઉકત કચેરીનાં સરનામે મોકલી આપવા અને તેઓને નોંધણી કરાવવા અર્થે જરુરી સુચના આપવા વિનંતી છે.

નાયબ નિયામકશ્રી
ઔધોગિક સલામતી અને સ્વાસ્થય
બાંધકામ શાખા, અમદાવાદ